Extra No. 251

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, JULY 9, 2025 / ASHADHA 18, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખઃ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીકેએચ/૪૭/૨૦૨૫/એસીડી/કેએમઆર/ઈ-ફાઈલ/૨/૨૦૨૪/૪૩૧૬/૬૮ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Horticulture Officer, Class II (Departmental Examination) Rules, 2025

બાગાયત અધિકારી, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીકેએચ/૪૭/૨૦૨૫/એસીડી/કેએમઆર/ઈ-ફાઈલ/૨/૨૦૨૪/૪૩૧૬/કે૮:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અધિકારી, વર્ગ ૨-ની જગા પર બઢતી માટે પાત્ર થવા, બાગાયત નિરીક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર નીમવામાં આવેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, જ્યાં સુધી તેમની ખાતાકીય પરીક્ષા પાસ કરવાને સંબંધિત હોય ત્યાં સુધી, નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પાડવા બાબત.-

(૧) આ નિયમો બાગાયત અધિકારી (હોર્ટિકલ્ચર ઓફિસર), વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત નિરીક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર સીધી પસંદગી અને બઢતીથી નીમવામાં આવેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) “પરિશિષ્ટ” એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) “નિયત તારીખ” એટલે જે તારીખે આ નિયમો અમલમાં આવશે તે તારીખ;

(ગ) “બોર્ડ” એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (GSSSB), ગાંધીનગર;

(ઘ) “પરીક્ષા” એટલે બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અધિકારી, વર્ગ ૨-ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષા;

(ચ) ‘‘સરકાર’’ એટલે ગુજરાત સરકાર;

(છ) ‘‘જૂના નિયમો’’ એટલે નિયત તારીખની તરત પહેલા અમલમાં હોય તેવા નિયમો;

(જ) ‘‘નિર્દિષ્ટ તકો’’ એટલે વ્યક્તિએ જેટલી તકોની અંદર ખાતાકીય પરીક્ષા પાસ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ઝ) ‘‘નિર્દિષ્ટ મુદત’’ એટલે વ્યક્તિએ જે મુદતની અંદર ખાતાકીય પરીક્ષા પાસ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. ખાતાકીય પરીક્ષા પાસ કરવાની જરૂરિયાત બાબત.-

(૧) બાગાયત નિરીક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર નીમવામાં આવેલી વ્યક્તિએ, બાગાયત અધિકારી (હોર્ટિકલ્ચર ઓફિસર)ની જગા પર બઢતી મેળવવા પાત્ર થવા માટે, પરીક્ષા પાસ કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ વ્યક્તિએ, નિયત તારીખ પહેલાં જૂના નિયમો હેઠળ સંબંધિત ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવેલી હોય, તેવી વ્યક્તિએ આ નિયમો હેઠળ ખાતાકીય પરીક્ષા પાસ કરવાની જરૂર રહેશે નહિ.

૪. ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની પાત્રતા.-

(૧) વિદ્યમાન જગા પર નિમણૂક થયા પછી સેવાના બે વર્ષ પૂરા કર્યા હોય તે સિવાય, કોઈપણ વ્યક્તિ, પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર થશે નહિ;

(૨) વિદ્યમાન જગા માટેની તાલીમાંત પરીક્ષા પાસ કરી હોય અથવા તેને, સક્ષમ અધિકારી દ્વારા, જો હોય, તો તાલીમાંત પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી હોય, તે સિવાય કોઈપણ વ્યક્તિ, પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર થશે નહિ.

૫. પરીક્ષામાં પાસ થવા માટેની નિર્દિષ્ટ તકો અને મુદત.-

(૧) બાગાયત અધિકારી, વર્ગ ૨-ની જગા પર બઢતીને પાત્ર થવા માટે, વ્યક્તિએ, બાગાયત નિરીક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર તેની નિમણૂક પછી સળંગ સેવાના બે વર્ષ પૂર્ણ કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદત અને ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને, ઠરાવેલી ફી ભર્યા વિના, વધુ એક તક આપી શકાશે જે તેની ત્રીજી તકની પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખથી એક વર્ષની મુદતની અંદર ઉપયોગમાં લેવાની રહેશે.

(૨) નિર્દિષ્ટ મુદત અને નિર્દિષ્ટ તકોની અંદર કોઈ વ્યક્તિ, આ નિયમોમાં ઉલ્લેખેલી પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તે, એ રીતે નિષ્ફળ જવા છતાં, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યેથી, કોઈ સમયે આવી પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર ગણાશે અને તે સદરહુ પરીક્ષા પાસ કરે, તો તે બઢતી માટે પાત્ર ગણાશે:

પરંતુ કોઈ વ્યક્તિ, પોતે પરીક્ષા પાસ કર્યેથી, આવી બઢતી માટે પાત્ર થાય, તે પહેલાં જેણે પોતાના કરતાં પહેલાં પરીક્ષા પાસ કરી હોય અને આ નિયમો હેઠળ બાગાયતી અધિકારી, વર્ગ-૨-ની જગા પર તેને બઢતી અપાયેલી હોય તેવી વ્યક્તિઓ પર પ્રવરતા (સિનિયોરિટી)નો દાવો કરવાને હકદાર થશે નહિ.

(૩) પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાને તક ગણવામાં આવશે.

(૪) જૂના નિયમો હેઠળ કોઈ તક આપવામાં આવી હોય તેવી વ્યક્તિને, આ નિયમો હેઠળ બાકીની તકનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવશે.

૬. પરીક્ષાનો અભ્યાસક્રમ અને રૂપરેખા.-

(૧) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ-'ક'-માં નિર્સિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષા દરેકના ૧૦૦ (એકસો) ગુણ એવા પાંચ પ્રશ્નપત્રોની રહેશે. વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નપત્ર ૪ સિવાય, પરીક્ષા, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)ની રહેશે.

(૩) ઉમેદવારને, પ્રશ્નપત્રોના જવાબ, પુસ્તકોની મદદથી આપવાની પરવાનગી આપવામાં આવશે અને પ્રશ્નપત્ર ૪-ના જવાબ, પુસ્તકો વિના આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ: "પુસ્તકો સાથે" એટલે કોઈ વિવરણ (ટિપ્પણી) અથવા કેસ લો (પૂર્વ-કાયદા) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમો અને/અથવા નિયમો ધરાવતું સરકારે મંજૂર કરેલા વિષયનું અસલ (મૂળ) પુસ્તક અને સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા અથવા મંજૂર કરેલા નિયમસંગ્રહનો સમાવેશ થાય છે.

૭. ખાતાકીય પરીક્ષાનું માધ્યમ.- પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ પરીક્ષાનું માધ્યમ, ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૮. પરીક્ષા યોજવા બાબત.-

(૧) બોર્ડ-એ, વર્ષમાં ઓછામાં ઓછી બે વખત પરીક્ષા યોજવી જોઈશે.

(૨) બોર્ડ-એ, નક્કી કરેલી કામચલાઉ તારીખના ઓછામાં ઓછા નેવું દિવસ પહેલાં, બાગાયત નિયામકની સંબંધિત કચેરીને, પરીક્ષાના કામચલાઉ કાર્યક્રમની જાણ કરવી જોઈશે.

(૩) પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતી વ્યક્તિએ, પરીક્ષાની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં, એવી પરીક્ષા માટે ઉમેદવાર તરીકે પોતાના નામની નોંધણી કરાવવા માટે, બાગાયત નિયામકની કચેરી મારફત, પોતાની અરજી, પરિશિષ્ટ 'ગ' માં નિર્દિષ્ટ કરેલા નમૂનામાં, બોર્ડને મોકલવી જોઈશે.

(૪) બાગાયત નિયામકની કચેરીએ, પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની આવી વ્યક્તિની પાત્રતાના સંબંધમાં, અરજીની ચકાસણી કરવી જોઈશે અને પરિશિષ્ટ 'ગ' માં નિર્દિષ્ટ કર્યા મુજબના, પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેના પાત્રતા પ્રમાણપત્ર સહિત તે (અરજી), બોર્ડને મોકલી આપવી જોઈશે.

(૫) અરજદાર, પછીથી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાનો નિર્ણય કરે, તો તેણે, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં, બાગાયત નિયામકની કચેરી મારફત બોર્ડને તેની જાણ કરવી જોઈશે.

(૬) કોઈ વ્યક્તિએ, પોતાનું નામ ઉમેદવાર તરીકે નોંધાવ્યા પછી, પેટા-નિયમ (૫)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે, જાણ કર્યા વિના, પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ રહે, તો તેમણે પરીક્ષા પાસ કરવાની એક તક ગુમાવી હોવાનું માનવામાં આવશે:

પરંતુ બાગાયત નિયામકની કચેરીને એવી ખાતરી થાય કે તે વ્યક્તિ પોતાના કાબૂ બહારના કારણોસર, પેટા-નિયમ (૫)-માં ઉલ્લેખ કર્યા પ્રમાણે, સમયમર્યાદાની અંદર જાણ કરવામાં નિષ્ફળ ગયો હતો, તો તે, વ્યક્તિના પક્ષે થયેલી નિષ્ફળતા અને તેમાંથી ઉદભવતા પરિણામોને માફ કરી શકશે.

(૭) બોર્ડ, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર છે તેવા બાગાયત નિયામકની કચેરીએ કાઢી આપેલા પ્રમાણપત્રના આધારે તેને (ઉમેદવારને) પરીક્ષામાં પ્રવેશ આપશે.

(૮) પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમય વિશે બોર્ડ દ્વારા જાણ કરવામાં આવશે અને ઉમેદવારોને તેની જાણ, બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ.-

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્ર (પેપર)ને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) રહેશે.

(૨) કોઈ એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રો (પેપર)માં પચાસ ટકા (૫૦%) કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અસફળ ઉમેદવારને, ત્યારપછીની પરીક્ષાના તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) કોઈ ઉમેદવાર, પરીક્ષામાં ફક્ત એક પ્રશ્નપત્રમાં (પાસ થવા માટે) પાત્રતા ધોરણ મેળવવામાં અસમર્થ રહે તેવા કિસ્સામાં, આવા ઉમેદવારને, તે પ્રશ્નપત્ર માટેના કુલ ગુણના ૫% સુધી કૃપા ગુણ આપવામાં આવશે અને ત્યાર પછી, તે (ઉમેદવાર) પાત્રતા ધોરણ જેટલા અથવા તેના કરતાં વધારે ગુણ મેળવે, તો તેને, પાસ થયેલો જાહેર કરવામાં આવશે.

૧૦. પરિણામની પ્રસિદ્ધિ.- બોર્ડ-એ, પરીક્ષાનું પરિણામ, તેની સરકારી વેબસાઈટ/નોટિસ બોર્ડ પર જાહેર કરવું જોઈશે અને બાગાયત નિયામકની કચેરીને તે (પરિણામ) મોકલી આપવું જોઈશે. બાગાયત નિયામકની કચેરીએ, ઉમેદવારોને પરિણામની જાણ કરવી જોઈશે.

૧૧. પ્રોત્સાહન.- પ્રથમ તકમાં પરીક્ષામાં એંશી ટકા (૮૦ %) અથવા તેથી વધુ એકંદર ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને, પ્રોત્સાહન તરીકે સરકારે વખતોવખત નક્કી કર્યા પ્રમાણેની તેવી રોકડ રકમ ચૂકવવામાં આવશે.

૧૨. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ.- કોઈપણ ઉમેદવારને પરીક્ષા ખંડમાં સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર, લેપટોપ, આઈ-પોડ વગેરે જેવા કોઈ ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૩. રદ કરવા બાબત અને અપવાદ.- બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અધિકારી, વર્ગ ૨-ની જગા પર બઢતી માટે કરેલા જૂના નિયમો અને આ નિયમો અમલમાં આવે તે પહેલાં તરત જ અમલમાં આવતા તત્સમાન અન્ય કોઈ નિયમો આથી, રદ કરવામાં આવે છે.

પરંતુ આવી રીતે રદ થયેથી, કોઈ નિયમો હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું અસર કરશે નહિ, તેથી રદ કરવામાં આવે છે.

પરિશિષ્ટ - "ક"

(જુઓ નિયમ ૬ (૧))

બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અધિકારી, વર્ગ ૨-ની જગા પર બઢતી માટે ખાતાકીય પરીક્ષાનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર-૧ ભારતનું સંવિધાન અને સેવાને લગતી બાબતો. MCQ (બહુવિધ પસંદગી પ્રશ્નો) (પુસ્તકો સાથે)

સમય: બે કલાક ગુણ: ૧૦૦

૧. ભારતનું સંવિધાનના નીચેના સંદર્ભમાં,

(૧) અનુચ્છેદ ૩૦૯;

(૨) સુધારા ૭૩ અને ૭૪ને ધ્યાને રાખીને પંચાયત અને નગરપાલિકાની જોગવાઈ;

(૩) ચૂંટણી આયોગ;

(૪) નાણા આયોગ;

(૫) સમવર્તી યાદી અને રાજ્ય યાદી; અને

(૬) સુપ્રિ મ કોર્ટ અને હાઈકોર્ટ;

૨. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૩. પંચાયતી રાજ અને ગુજરાતમાં પંચાયતી રાજનું માળખું.

૪. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

૬. ગુજરાત વિધાનસભા નિયમો.

પ્રશ્નપત્ર ૨ નાણાકીય બાબતો. MCQ (બહુવિધ પસંદગી પ્રશ્નો) (પુસ્તકો સાથે)

સમયગાળો: બે કલાક. ગુણ: ૧૦૦.

૧. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), ભાગ- ૧ અને ૨.

૨. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

૩. મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

૪. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

૫. નાણાકીય સત્તાની સોંપણી, ૧૯૯૮.

૬. વિદ્યમાન ઉચ્ચતર પગાર-ધોરણ યોજના

ભાગ ૩ કચેરી કાર્યપદ્ધતિ MCQ (બહુવિધ પસંદગી પ્રશ્નો) (પુસ્તકો સાથે)

સમયગાળો: બે કલાક. ગુણ: ૧૦૦.

૧. કચેરી કાર્યપદ્ધતિનું મેન્યુઅલ (બિન-સચિવાલય).

૨. ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ ૧ થી ૮).

૩. ગુજરાત સરકારની ખરીદ નીતિ અને આજની તારીખ સુધીના અપડેટ્સ (સુધારા).

૪. કામગીરી મૂલ્યાંકન અહેવાલ નિયમો અને માર્ગદર્શક સૂચનાઓ.

૫. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

૬. ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨.

પ્રશ્નપત્ર ૪: ગુજરાતી-અંગ્રેજી ભાષા: (પુસ્તકો સિવાય)

સમયગાળો: ત્રણ કલાક. ગુણ: ૧૦૦.

(૧) ગુજરાતીમાં નોંધલેખન અને મુસદ્દા લેખન ૨૫ ગુણ

(૨) હાઈકોર્ટની બાબતો- પરિચ્છેદ પ્રમાણે વિશેષ નોંધ તૈયાર કરવી, સોગંદનામું ફાઈલ કરવું અને ‘વિગતદર્શક હુકમો’નું મુસદ્દા લેખન. ૧૦ ગુણ

(૩) સરકારી પત્રવ્યવહાર- વિવિધ પ્રકારના પત્રો અને તેમની વચ્ચેનો તફાવત. ૨૫ ગુણ

(૪) વ્યાકરણ- અંગ્રેજી ૧૫ ગુણ

વ્યાકરણ- ગુજરાતી ૧૫ ગુણ

(૫) વહીવટી શબ્દભંડોળ- ગુજરાતી અને અંગ્રેજી તથા તેનો ઉપયોગ. ૧૦ ગુણ

પ્રશ્નપત્ર ૫ બાગાયત વિભાગને લગતા અધિનિયમો, નિયમો અને વિભાગને સંબંધિત બીજી પ્રવૃત્તિઓ. MCQ (બહુવિધ પસંદગી પ્રશ્નો) (પુસ્તકો સાથે)

સમયગાળો: બે કલાક. ગુણ: ૧૦૦.

(૧) બાગાયતના સિદ્ધાંતો. (૧૦.૦૦)

બાગાયતી પાકનું આર્થિક મહત્વ અને વર્ગીકરણ તથા તેનો ઉછેર, પોષણ-મૂલ્ય, વિસ્તાર અને ઉત્પાદન, નિકાસ અને આયાત, ભારતના અને વિવિધ રાજ્યોના ફળો અને શાકભાજી ઝોન, નર્સરીના સંચાલનની પદ્ધતિ, જમીન અને આબોહવા, શાકભાજી બગીચા, પોષણ અને આંગણ-શાકવાડી અને બગીચાના બીજા પ્રકારો, સિદ્ધાંતો, આયોજન અને ગોઠવણી, ફલોદ્યાનોનું સંચાલન, રોપણીની પદ્ધતિઓ અને રોપણીની ઘનતા. ફળ, શાકભાજી અને ફૂલ-ઉછેરના પાક માટે ઉત્પાદન અને પદ્ધતિઓ, નર્સરીની ટેકનિક અને તેનું સંચાલન કરવું. ફળના પાકની કાપણી અને તાલીમના સિદ્ધાંતો તથા પદ્ધતિઓ, બાગાયતમાં વૃદ્ધિનિયંત્રકોના પ્રકાર અને ઉપયોગ, જળ-વ્યવસ્થા, નીંદણની વ્યવસ્થા, પાકની પદ્ધતિઓ, આંતર-પાક, વિવિધ સ્તરીય પાક, મલ્ચિંગ (આચ્છાદન), ફળદ્રુપતા અને બિન-ફળદ્રુપતાને અસર કરતાં પરિબળો. જૂના બગીચાઓનું નવીનીકરણ, ટોપ વર્કિંગ, ફ્રેમ વર્કિંગ, ઓર્ગેનિક (કાર્બનિક) ખેતીના સિદ્ધાંતો.

(૨) છોડનું સંવર્ધન અને નર્સરીનું સંચાલન. (૨૦.૦૦)

સંવર્ધન:

છોડની વૃદ્ધિ (માટે)ની જરૂરિયાત અને શક્યતાઓ, બીજ અને વાનસ્પતિક સંવર્ધનની પદ્ધતિઓ, ફાયદા અને ગેરફાયદા. બિયારણની નિષ્ક્રિયતાના (સ્કારિફિકેશન એન્ડ સ્ટ્રેટીફિકેશન) આંતરિક અને બાહ્ય પરિબળો, બીજાંકુરણના પ્રકારો, બિયારણની નિષ્ક્રિયતા અટકાવવાની પદ્ધતિઓ, સંવર્ધનની ટેકનિક, અપોમિક્સીસ- મોનો-એમ્બ્રોની, પોલિમેમ્બ્રોની કીમેરા અને બડ સ્પોર્ટ. સંવર્ધનના માળખાં: મિસ્ટ ચેમ્બર, હ્યુમિડિફાયર્સ, ગ્રીનહાઉસીસ, ગ્લાસહાઉસીસ, કોલ્ડ ફ્રેમ્સ, હોટ બેડ્સ, પોલીહાઉસીસ, નર્સરી ટૂલ્સ, કન્ટેનર્સ, મીડિયા અને ઓજારો, બિયારણ અને વનસ્પતિના સંવર્ધનમાં વૃદ્ધિનિયંત્રકોનો ઉપયોગ, કટિંગ, લેયરિંગ, ગ્રાફ્ટિંગ અને બડિંગની પદ્ધતિઓ અને ટેકનિક તથા મૂળનો શારીરિક અને જૈવ રાસાયણિક આધાર, મૂળના કટિંગ અને લેયરિંગને અસર કરતાં પરિબળો, (માતૃકાંડ) કલમની વિસંગતતા. બડ યુનિયનનો શરીરરચના સંબંધી અભ્યાસ, માતૃ (મૂળ) વૃક્ષની પસંદગી અને જાળવણી, સયન વુડ સ્ટીકનો સંગ્રહ કરવો, સયોન સ્ટોક-રિલેશનશીપ અને તેની અસર, બડવુડ પ્રમાણપત્ર, કંદ, ગાંઠ (રાયઝોમ), કોર્મ, રનર, સકર (પીલો) વગેરે વિશેષ અંગો મારફત સંવર્ધનની ટેકનિકો, માઈક્રો પ્રોપાગેશન અને માઈક્રો ગ્રાફ્ટિંગ, નર્સરીની સ્થાપના-સ્થળ પસંદગી, આયોજન અને નર્સરી વિસ્તારનો લે-આઉટ, ક્યારાના વિવિધ પ્રકારો, કાપણી પહેલાંની પ્રક્રિયાઓ, બિયારણ કાપણીની પદ્ધતિઓ, પ્રિકિંગ, પિયત, નીંદવું, ગોડવું, પોષણ વ્યવસ્થા, છાંયો, રુટ કલ્ચરિંગ ટેકનિક, લિફ્ટિંગ વિન્ડો, ગ્રેડિંગ, પૅકિંગ, સંગ્રહ અને પરિવહન. નર્સરીમાં છોડને સખત બનાવવો, નર્સરી રજિસ્ટ્રેશન અધિનિયમ. નર્સરીમાં જંતુ/જીવાત/રોગનું નિયંત્રણ.

(૩) ઉષ્ણકટિબંધ અને ઉષ્ણકટિબંધની હદના પ્રદેશના ફળો. (૫.૦૦)

વંશસૂત્ર (જેનોમિ)ના વર્ગીકરણ સહિતના ફળોનું બાગાયતી વર્ગીકરણ. ભારતના બાયાગતી વિસ્તારો (ઝોન), વિસ્તાર, ઉત્પાદન અને નિકાસની સંભાવનાનો વિગતવાર અભ્યાસ, જાતિઓ, આબોહવા અને જમીનની જરૂરિયાતો, સંવર્ધનની ટેકનિક્સ, રોપણીની ઘનતા અને પદ્ધતિઓ, (કાપણી) પછીની કાળજી, ટ્રેનિંગ એન્ડ પ્રુનિંગ. પાણી, પોષકતત્વો અને નીંદણનું સંચાલન, વૃદ્ધિ નિયંત્રકો, તે બનાવવાની રીત અને વાણિજ્યિક બગીચામાં તેના ઉપયોગ સહિતની ખાસ બાગાયતી ટેકનિક્સ. દેહધાર્મિક વિકૃતિઓ. કાપણી પછીની ટેકનિક, હાર્વેસ્ટ ઈન્ડાઈસીસ (પાકટ અવસ્થાના લક્ષણો), કાપણીની પદ્ધતિઓ, ગ્રેડિંગ, પછીના પાકોનું પેકેજિંગ અને (તેનો) સંગ્રહ કરવો. કેરી, કેળાં, દ્રાક્ષ, લીંબુવર્ગીય પાકો, પપૈયા, ચીકુ, જામફળ, પાઈનેપલ, જેકફ્રુટ, એવકાડો, મેંગોસ્ટીન, લીચી, કેરેમ્બોલા, ડ્યુરિયન અને પેશન ફ્રુટ. કેરી અને લીંબુવર્ગીય પાકોમાં ફળોનું બેસવું, ખાસ ઉત્પાદનના પ્રશ્નોના નિયંત્રણના પગલાં, એકાંતરે અને અનિયમિત ફલનનું નિયમન કરવું, નિયંત્રણના પગલાં. કેળામાં સીડીનેસ અને કોકણ રોગ, લીંબુવર્ગીય પાકોમાં ઘટાડો અને આકસ્મિક પરિબળો અને તેમનું સંચાલન. દ્રાક્ષમાં વૃદ્ધિનો વરતારો, જાતિ દર્શાવવી અને પપૈયામાં બી-નું ઉત્પાદન, લેટેક્સ એક્ટેક્શન અને કુડ પેપીનનું ઉત્પાદન, ઉત્પાદનનું અર્થશાસ્ત્ર.

(૪) શાકભાજી ઉત્પાદનના સિદ્ધાંતો. (૫.૦૦)

શાકભાજીની વ્યાખ્યા; શાકભાજીનું આર્થિક, પોષણ અને આકર્ષણ મૂલ્ય; ભારતમાં પ્રદેશ, ઉત્પાદન અને ઉત્પાદકતા, શાકભાજીના વર્ગીકરણની પદ્ધતિઓ અને તેને સંબંધી ગુણો અને અવગુણો; શાકભાજીની ખેતીના પ્રકારો અને શાકભાજીને અસર કરતા માળખાં; તાપમાનની અસર, પ્રકાશનો સમયગાળો, પ્રકાશ, શાકભાજીના ઉત્પાદનને સંબંધી ભેજ; ઓર્ગેનિક (કાર્બનિક) ખેતી, છોડની વૃદ્ધિ માટે જરૂરી પોષક તત્વો, રસાયણો અને જૈવિક ખાતર અને તેની પ્રતિક્રિયા; સિંચાઈ અને પાણીની જરૂરિયાતો; પાકની ફેરબદલી, પાકનો ક્રમ, આંતરિક અને મિશ્ર ખેતી, નીંદણનું નિયંત્રણ, ખાતર નાંખવું, અલગ-અલગ જીવાતો, રોગો અને તેમના નિયંત્રણ માટેના પગલાં; છોડની વૃદ્ધિ માટેના તત્વોની કામગીરી, શાકભાજીના બી-નું ઉત્પાદન, કાપણીનો સંગ્રહ, ગ્રેડિંગ અને શાકભાજીનું ખરીદ-વેચાણ.

(૫) સુશોભનરૂપ બાગાયત. (૧૦.૦૦)

ઈતિહાસ, બાગકામનો વ્યાપ, સૌંદર્યલક્ષી મૂલ્ય, લેન્ડસ્કેપ પ્લાન્ટ મટીરીયલનું વર્ગીકરણ અને ઓળખ, ભારતમાં બગીચા, બગીચાના પ્રકારો, લેન્ડસ્કેપિંગ, ઐતિહાસિક ભૂમિકા, વ્યાખ્યા, મૂળભૂત સિદ્ધાંતો અને મૂળભૂત ઘટકો. બાગકામના સિદ્ધાંતો, બગીચાના ઘટકો, સજાવટો, લૉન

(Lawn) બનાવવી, શૈલોદ્યાનની બનાવવાની પદ્ધતિઓ, પાણીનો બગીચો (જલોદ્યાન) વગેરે. ખાસ પ્રકારના બગીચા, તેના ચાલવાના રસ્તા, પુલો, બાંધકામની વિશેષતાઓ. ખાસ પ્રકારના બગીચા, વૃક્ષો, તેમનો આકાર, લેન્ડસ્કેપિંગની લાક્ષણિકતાઓ, સંવર્ધન, ક્ષૂપ અને બારમાસી ફૂલ-છોડ. વેલો અને લતા, તાડ, હંસરાજ, ઘાસ અને કાંટાવાળા થોર-નું મહત્વ, આકારના મૂલ્યો, સંવર્ધન, રોપણી, ખેડાણની કામગીરી, અવરોધક પરિબળો અને કાપણી પછીની પદ્ધતિઓ. જૈવ-સૌંદર્યલક્ષી આયોજન, વ્યાખ્યા, જરૂરિયાત, સમગ્ર દેશમાં આયોજન, શહેરી આયોજન અને વાવેતરના માર્ગો, શાળાઓ, ગામો, રેલવે સ્ટેશન, બંધની જગાઓ, જળવિદ્યુત મથકો, વસાહતો, નદી-કાંઠાને સુશોભિત કરવા, રમતના મેદાનો માટે વાવેતરની સામગ્રી. ઊભાં બગીચા, છાપરાવાળા બગીચા, ઉપવન અને જાહેર બગીચા.

(૬) બાગાયતી પાકની રક્ષિત ખેતી. (૧૦.૦૦)

રક્ષિત ખેતીની વ્યાખ્યા અને સિદ્ધાંતો, ભારતમાં રક્ષિત ખેતીનો વ્યાપ અને મહત્વ, ગ્રીન હાઉસના પ્રકારો અને તેનો આકાર, પર્યાવરણીય નિયંત્રણ; ગરમી અને ઠંડીની પ્રક્રિયા, ખેતીનું માધ્યમ, ફળદ્રુપતા અને પોષણની વ્યવસ્થા. મહત્વના બાગાયતી પાક- ગુલાબ, જર્બેરા, કાર્નેશન, એન્થુરિયમ, ઓર્કિડ, કેપ્સીકમ, ટમેટા, સક્કરટેટી, કાકડી અને સ્ટ્રોબેરીની ખેતીની પદ્ધતિઓ. ગ્રીન હાઉસમાં જીવાત અને રોગોનું સંચાલન (/નિયંત્રણ), કાપણી અને કાપણી કર્યા પછી, પોલી હાઉસ ઉપજની સાચવણ.

(૭) બાગાયતી પાકની કાપણી પછીની ટેકનોલોજીના સિદ્ધાંતો. (૧૫.૦૦)

કાપણી પછીની ટેકનોલોજીની વ્યાખ્યા, વ્યાપ અને મહત્વ. ફળોનું રાસાયણિક બંધારણ, ક્લાઈમેક્ટ્રિક અને નોન-ક્લાઈમેક્ટ્રિક ફળો. (ફળો) પાકવાના તબક્કા. ફળો અને શાકભાજી પાકે તે દરમિયાન (તેમાં થતા) દેહધાર્મિક અને જૈવ-રાસાયણિક ફેરફારો. ગ્રેડિંગ અને સોર્ટિંગ, સંગ્રહની પદ્ધતિઓ. પૅકિંગ અને પરિવહન. બાગાયતી પાકની કાપણી પહેલાં અને કાપણી પછીની માવજત. ફળો અને શાકભાજીની પાકવાની પ્રક્રિયાને ઝડપી અથવા વિલંબિત બનાવવી. પ્રક્રિયા કરેલી હોય તેવા ઉત્પાદનો માટેના ધોરણ અને પ્રમાણીકરણ.

(૮) બાગાયતી પાકોની જાળવણી અને તેના મૂલ્યમાં વધારો. (૧૦.૦૦)

ફળો અને શાકભાજીની જાળવણી. જાળવણી (માટે)ના અલગ-અલગ સિદ્ધાંતો. રાષ્ટ્રીય અર્થતંત્રમાં જાળવણીનું મહત્વ. ફળો અને શાકભાજીના જીવાણુજન્ય બગાડને અસર કરતાં પરિબળો. ફળો અને શાકભાજીની જાળવણીના સિદ્ધાંતો અને પદ્ધતિઓ. બાગાયતી પાકોમાં મૂલ્ય વધારાનું મહત્વ અને વ્યાપ. અલગ-અલગ ફળો, શાકભાજી અને ફૂલોમાં મૂલ્ય વધારો.

(૯) બાગાયતી પાકોના જીવાત અને રોગોનું સંચાલન (૧૦.૦૦)

જીવાત: ઓળખના ગુણ, જીવવિજ્ઞાન, નુકસાનનો પ્રકાર અને શાકભાજીના પાક જેમ કે, ટમેટાં, રીંગણ, મરચું, કોબી, ફૂલગોબી, ડુંગળી, લસણ, બટેટાં, હળદર, વેલાવાળાં શાકભાજી, કંદ પાક; ફળોના પાક જેવા કે, કેરી, ચીકુ, લીંબુવર્ગીય પાકો, કેળું, દાડમ, સીતાફળ, આમળાં, બોર અને જામફળ; ફૂલોના પાક જેમ કે, ગુલાબ, ગલગોટો, ક્રાયસેન્થેમમ, સ્પાઈડર લીલી, ટ્યૂબ્રોઝમાં થતી જીવાતની વ્યવસ્થા.

રોગ: લક્ષણો, ફેલાવાનો પ્રકાર અને અવશેષ, સાનુકૂળ હવામાન પરિસ્થિતિઓ અને શાકભાજીના પાક જેમ કે, ટમેટાં, રીંગણ, મરચું, કોબી, ફૂલગોબી, ડુંગળી, લસણ, બટેટાં, હળદર, વેલાવાળાં શાકભાજી, કંદ પાક; ફળોના પાક જેવા કે, કેરી, ચીકુ, લીંબુવર્ગીય પાકો, કેળું, દાડમ, સીતાફળ, આમળાં, બોર અને જામફળ; ફૂલોના પાક જેમ કે, ગુલાબ, ગલગોટો, ક્રાયસેન્થેમમ, સ્પાઈડર લીલી, ટ્યૂબ્રોઝ-ની વ્યવસ્થાવિષયક કામગીરી.

(૧૦) બાગાયત નિયામકની પ્રોત્સાહક યોજનાઓ. (૦૫.૦૦)

બાગાયતના પ્રોત્સાહન માટે રાજ્ય અને કેન્દ્ર-એ પુરસ્કૃત કરેલી યોજનાની વિગતો. બાગાયત નિયામક દ્વારા ચલાવવામાં આવતા અલગ-અલગ કેન્દ્રો જેમ કે, કેનિંગ સેન્ટર, નર્સરી અને સેન્ટર ઓફ એક્સલન્સ (ઉત્કૃષ્ટતા કેન્દ્ર)નું મહત્વ. અલગ-અલગ પોર્ટલ જેવા કે, ઈ-ખેડૂત, હોર્ટનેટ (HORTNET) વગેરેની સમજણ. બાગાયત નિયામક હેઠળની અલગ-અલગ જગાઓનો અધિક્રમ અને તેનું કાર્ય.

પરિશિષ્ટ- 'ખ'

(જુઓ નિયમ ૮ (૩))

અરજીનો નમૂનો

બાગાયત નિયામકની કચેરી હેઠળની તાબાની સેવામાં, બાગાયત અધિકારી, વર્ગ ૨ ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.

૧.	અરજદારનું પૂરું નામ (અટક પહેલાં લખવી) (અંગ્રેજી અને ગુજરાતીમાં)	
૨.	હોદ્દો (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં)	

૩.	હાલમાં જે કચેરીમાં કામ કરી રહ્યા હોય તે કચેરીનું નામ.	
૪.	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉમર.	
૫.	નિમણૂકની તારીખ અને સેવા (નોકરી)ના કુલ વર્ષો.	
૬.	અરજદાર અગાઉ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યો છે કે કેમ? જો તેમ હોય, તો:-	
	(ક) જેમાં તે ઉપસ્થિત રહ્યો હોય, તે પરીક્ષાનો મહિનો અને તેનું વર્ષ.	
	(ખ) કોઇ મુક્તિ આપવામાં આવી છે કે કેમ? જો તેમ હોય, તો ગુણ, પરીક્ષાનું વર્ષ અને વિષયની વિગતો આપવી;	
	(ગ) અરજદાર, મેળવેલી મુક્તિનો લાભ મેળવવાની ઈચ્છા ધરાવે છે કે કેમ? "હા" અથવા "ના" જણાવવું (આ પસંદગી આખરી ગણવામાં આવશે અને તેમાં કોઇ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહિ)	
૭.	જે નિયમ અથવા સત્તાધિકાર હેઠળ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનું હોય, તે નિયમ અથવા સત્તાધિકાર.	
૮.	અરજદારે, જેટલી તકોમાં અને જે સમય-મર્યાદાની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે તકોની સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતાની તારીખ અને તેની મુદતની સમાપ્તિની તારીખો જણાવવી):	
૯	કરેલા પ્રયત્નોની સંખ્યા:	
૧૦	વધારાની (ખાસ) તક આપવામાં આવેલી છે કે કેમ? જે હુકમો હેઠળ, અરજદારને વધારાની (ખાસ) તક આપવામાં આવેલી હોય, તે હુકમોના ક્રમાંક અને તારીખ નિર્દિષ્ટ કરવા અને તેની નકલ જોડવી.	
૧૧	પરીક્ષા પાસ કરવાનો હેતુ (દા.ત. સરકારી સેવામાં કાયમી થવા, સરકારી સેવામાં ચાલુ રહેવા, બઢતી માટે વગેરે).	
૧૨	અરજદાર, ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર છે કે કેમ?	
૧૩	વિશેષ નોંધ (રિમાર્ક્સ), જો હોય, તો:	

સ્થળ: (અરજદારની સહી)

તારીખ:

પરિશિષ્ટ- 'ગ'

(જુઓ નિયમ ૮(૪))

યોગ્યતા (પાત્રતા) પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે-

(૧) પરિશિષ્ટ-ખ માં નિર્દિષ્ટ કરેલી વિગતોની ખરાઇ કરવામાં આવેલી છે અને તે સાચી જણાયેલી છે. શ્રી/શ્રીમતી/કુ. બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અધિકારી, વર્ગ ૨ ની જગા પર બઢતી માટે, વર્ષ ૨૦.....ના.....મહિનામાં યોજાનારી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર છે.

(૨) * જરૂરી ફી ચૂકવેલી છે: ચલણની નકલ આ સાથે જોડેલી છે.

(૩) * ઉમેદવારને વધારાની તક આપવામાં આવે છે: હુકમની નકલ જોડેલી છે.

સ્થળ: .....

તારીખ : .....

(વિભાગ/કચેરીના વડાની સહી અને હોદ્દો)

* લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નિકી ઓઝા,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.15 22:25:31 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar